ગાંધીનગર સમાચાર

# આજે નાતાલ પર્વ

આજે ક્રિસમસ - નાતાલ પર્વની ઊજવણી કપરી પરિસ્થિતિ અને પ્રતિકૂળ સંજોગોમાં કરી રહ્યા છીએ. આજે સમગ્ર માનવ જાત કોરોના વાયરસને કારણે તબાહીથી ભયભીત અને પીડીત છે અશાંત અને અસલામત છે. લોકમુખે એક જ વાત સ્પષ્ટ બોલાય છે કે હાલની દુનિયામાં જે કાંઈ ચાલી રહ્યું છે એમાંથી



બચાવનાર, જે જીવાડનાર એક માત્ર પ્રભુ જ છે. હા, આવી ભયાવહ પરિસ્થિતિમાંથી આપણે બહાર લાવવા આવે કોઈ મસિહાની ઝંખના માનવજાત રાખે તેમાં નવાઈ શું ?

આવા કપરા કાળમાં આપણે પ્રભુ તરફ મીટ માંડીએ તો આપણ સહુને લાગે કો પ્રભુ મૌન છે. આપણાંથી દૂર ચાલ્યા ગયા છે. એમે આપણો ત્યાગ કરી દીધો છે. પ્રભુનું આ રહસ્ય વલણ સમજવા આપણે અસમર્થ નીવડીએ છીએ ત્યરે પવિત્ર બાઈબલ - યશાયાના ગ્રંથ, ૪૯ અધ્યાય : ૧૫મી કડી - આપણને સમજાવે છે કે ''સ્ત્રી પોતાના બાળકને ભૂલી જઈ શકે,

**પ્રસંગસર**

**હસમુખ મેકવાન**

કદાચ માતા ભૂલી જાય. પણ હું તને નહીં ભૂલુ.''

લોકડાઉનના સમયમાં પ્રભુએ આપણાં અંતચક્ષુ ખોલી દીધા. દરેકને આત્મનિરીક્ષણ કરવા પુરતો સમય આપ્યો. પ્રત્યેક ઘર-ચર્ચ, દેવળ, મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા જેવા પવિત્ર સ્થાનો બની ગયા, જયાં પૂજા, પ્રાર્થના, અર્ચના, ઈબાદત, દુઆ થઈ રહી હતી. પ્રભુનું સામીપ્ય અને એમની હાજરીનો અનુભવ સહુને અલગ અલગ રીતે થયો. ધાર્મિકતાની સાથે આધ્યાત્મિક તરફ દોરવા પ્રત્યેક ધર્મના સંતો પ્રયત્નશીલ રહી નવી દિશા બતાવી એ વર્તમાન સમયનું જમા પાસું છે.



નાતાલના આ પર્વે પ્રભુએ આપણને કોરોના મુખ્ય રાખીને, કોરોનાગ્રસ્ત કરીને બચાવ્યા અથવા તો કોરન્ટાઈનથી મુક્ય કર્યા હોય તો તે બદલ પ્રભુનો આભાર માનીએ સાથે સાથે મૃત્યુ પામેલ સર્વ સ્વજનોને પ્રાર્થના ભરી શ્રદ્ધાંજલિ.

પ્રભુ આ કોરોનાના કપરાકાળમાંથી સહુને સમગ્ર વિશ્વને વેળાસર મુક્તિ અપાવે. અને કોવિડ-૧૯ની વિદાયની સાથે સહુને તનમનની તંદુરસ્તી સાથે સક્ષમ બનાવે તથા વર્ષ ૨૦૨૧ની નવી સૃષ્ટિના કલેવર સાથે નવું જીવન બક્ષે તેવી પ્રભુ ઈસુ જીસસને પ્રાર્થના સાથે મેરી ક્રિસમસ...

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ભારતીય ગણિતનો ઈતિહાસ : નવતર યોગદાન' વિષય પર રાજ્યકક્ષાનો વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

૨૨ ડિસેમ્બર શ્રીનિવાસ રામાનુજનનો જન્મદિવસ છે, આ દિવસને 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર ભવન દ્વારા 'ભારતીય ગણિતનો ઈતિહાસ : નવતર યોગદાન' વિષય પર રાજ્યકક્ષાનો વેબિનાર યોજાયો.




આ વેબિનારની શરૂઆત સરસ્વતીવંદના તેમજ મુખ્ય વક્તા અને ઉપસ્થિત મહાનુભાવોના આવકારથી કરવામાં આવી. મહેમાનોનું સ્વાગત અને પ્રાસ્તાવિક કથન વિભાગાધ્યક્ષ પ્રો. રણજિતસિંહ પવાર દ્વારા થયું. મુખ્ય વક્તા અમોલકચંદ કૉલેજ, યવતમાળ, મહારાષ્ટ્રના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. શ્રીરામ ચૌથાઈવાલા હતા, જેમનો પરિચય વિભાગનાં અધ્યાપિકા ડૉ. રૂપમ ઉપાધ્યાયે આપ્યો હતો.

યુનિવર્સિટીના એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્ય ડૉ. સંજયભાઈ પટેલ સહભાગી બનીને આ વેબિનારને યુનિવર્સિટીના દર્શનને અનુરૂપ ગણાવી સૌને શુભ કામના આપી હતી.

મુખ્ય વક્તા ડૉ. શ્રીરામ ચૌથાઈવાલા દ્વારા પ્રાચીનથી માંડીને અર્વાચીન ભારતીય ગણિત અંગેના અનન્ય યોગદાન વિશે ઉદાહરણો અને સંદર્ભો સહિત ઊંડાણપૂર્વક ચર્ચા કરી ભારતમાં ગણિતના નવતર યોગદાનને સહભાગીઓ સમક્ષ રજૂ કર્યું હતું. તેઓએ આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય, બૌધાયન, મહર્ષિ લગધ, બ્રહ્મગુપ્ત, શ્રીધરાચાર્ય, કાપરેકર, નારાયણ પંડિત, મહાવીરાચાર્ય જેવા પ્રાચીન-અર્વાચીન ગણિતશાસ્ત્રીઓ અને તેમના વૈશ્વિક યોગદાનથી સૌને અવગત કર્યા હતા. તેમના વ્યાખ્યાનને અંતે ભારતના પનોતા પૂત્ર અને વિભૂતિ શ્રીનિવાસ રામાનુજનના જીવન અને કાર્યની વાત મૂકીને ભાવાંજલિ અર્પણ કરી હતી.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ શાહે ભારતના ભવ્ય દિવ્ય ગૌરવપૂર્ણ વારસાના વિભિન્ન પાસાંઓ પર પ્રકાશ પાડીને જણાવ્યું હતું કે નવી પેઢી આ તથ્યથી અવગત બને તે આપણા સૌની ફરજ છે. સમાપનાત્મક કથનમાં પ્રો. પવારે ઉમેર્યું કે આપણે સાથે મળીને આ જ્ઞાન ધરોહરનું જતન પણ કરવાનું છે અને અપાર તપ દ્વારા તેનું સંવર્ધન પણ કરવાનું છે.

વેબિનારના અંતિમ ચરણમાં વિભાગનાં અધ્યાપિકા ડૉ. મીનળબા જાડેજાએ આભાર વિધિ કરી હતી. વેબિનારનું સંચાલન અધ્યાપક ડૉ.નીલેશ પંડ્યાએ કર્યું હતું. વર્ચ્યુઅલ પ્લેટફૉર્મ પર યોજાયેલા આ વેબિનારમાં ૧૭૦૦ સહભાગીઓની નોંધણી થઈ હતી અને ફેસબુક અને યુ ટ્યુબના માધ્યમથી અનેક લોકો વેબિનારમાં જોડાયા હતા.

# વી.એમ. કુમાર બાલમંદિર દ્વારા ઓનલાઈન નાતાલની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થા વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિરના જુ.કે.જી. / સિ.કે.જી.ના નાના નાના ભૂલકાઓ ઓનલાઈન ઘરે રહીને સાંતાકલોઝ અને મેરી બન્યા તેમજ શિક્ષકો પણ સાંતાક્લોઝ અને મેરી બન્યા હતા. ઝૂમ એપ પર ડાન્સ કરાવ્યો હતો અને નાતાલ પર્વની ઊજવણી કરી સંગીતના તાલે બાળકો ઝૂમી ઊઠ્યા હતા.


# એસ. કે પટેલ કે.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં 'ક્રિસમસ સેલિબ્રેશન' કરાયું



ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ સ્કૂલમાં ક્રિસમસ સેલિબ્રેશન કરાયું હતું. જેમાં બધા જ બાળકો રેડ કલરના કપડાં પહેરીને બેઠા હતા. અને બાળકોએ સરસ મજાનું ક્રિસમસ ટ્રી, બેલ, સ્ટાર, કેપ, સ્નો મેન, સાંતાક્લોઝ વગેરે જેવા પીકચર ડ્રો કર્યા હતા. તથા બાળકોએ ઓનલાઈન કલાસમાં ડાન્સ પણ કરીને ખૂબ આનંદ માણ્યો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ક્રીસમસ ડેની ઓનલાઈન ઉજવણી



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૨૪મી ડિસેમ્બરે ઓનલાઈન 'ક્રીસમસ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રી-પ્રાઈમરીથી લઈને ધોરણ ૧૧ સુધીના વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. ઉજવણીની સાથે સાથે નાના ભૂલકાંઓએ સાંતાકલોઝનો પહેરવેશ ધારણ કરીને 'ક્રીસમસ ડે' ની શુભેચ્છાઓ પાઠવી હતી. તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રવૃતિ જેવી કાર્ડ મેકીંગ, ચીત્રકામ, વક્તૃત્વ, એક પાત્રી અભિનય, નૃત્યકલા દ્વારા શિક્ષકોના માર્ગદર્શન સાથે ઓનલાઈન ક્રીસમસ ઉત્સાહ ભેર ઉજવણી કરી હતી.

# વરિષ્ઠ નૃત્યસંયોજક અને બહુમુખી ગુજરાતી કલાકાર યોગસુંદર દેસાઈને ઓનલાઈન સ્મરણાંજલિ અપાઈ

ગાંધીનગર,તા. ૨૪

ભારતીય શાસ્ત્રીય નૃત્યકલામાં કથકલી, ભરતનાટ્યમ, મણિપુરી વગેરેમાં પારંગત થઈ ભારતીય નૃત્યકલા સાંસ્કૃતિક ભવ્યતાનો દેશવિદેશમાં પ્રસારિત કરનારા બહુમુખી પ્રતિભાસંપન્ન અંતર્મુખી ગરવા ગુજરાતી કલાકાર યોગસુંદરભાઈ દેસાઈની સ્મરણાંજલિ સભા રવિવારે 'મારી ભાષા ગુજરાતી' પર ઓનલાઈન યોજાઈ હતી.




સુપ્રસિદ્ધ ઓડિસી નૃત્યાંગના, ગુરુ અને રાજ્યસભા સદસ્ય પદ્મવિભૂષણ ડો. સોનલ માનસિંહે કહ્યું કે યોગસુંદર દેસાઈની ચિરવિદાયથી નૃત્યકળા વિશ્વમાં એક બહુ મોટી પડી છે. તેઓ એક મહાન વ્યક્તિત્વ હતા પરંતુ પોતાની મહાનતા તેમણે કદી જાહેર ન થવા દીધી અને એક અદના આદમી બની રહી માત્ર કલાસેવાને જ મહાન રહેવા દીધી. એક વિશિષ્ઠ ગુજરાતી કલાકાર તરીકે તેમની બહુ ઊંચી નામના દેશવિદેશમાં પ્રસરેલી છે.

દૂરદર્શનનાં ભૂતપૂર્વ સમાચારવાચક સરલા માહેશ્વરીએ કહ્યું કે યોગસુંદરભાઈ એમના નામ પ્રમાણે જ એક યોગમય સુંદર જીવન જીવી ગયા. તેઓ સદાય પૂર્ણતાના આગ્રહી હતા અને એટલે જ સો વર્ષ લાંબુ સાદું સરળ પૂર્ણ જીવન પણ જીવી ગયા. કોઈપણ કલાપ્રસ્તુતિમાં અંતનું પણ એક અલગ સૌંદર્ય હોય છે. ખરેખરો કલાકાર એ જ હોય છે જે તખ્તા પર પ્રવેશની સાથે જ છેલ્લે સુધી છવાયેલો રહે અને પ્રેક્ષકોમાં ઓતપ્રોત રહે. યોગસુંદરદાદામાં આ ખૂબી હતી. તેમનું મહાપ્રયાણ પ્રેરણામાંય સંદેશનો એક મહોત્સવરૂપ બની રહ્યો છે.

રાજધાનીમાં ગુજરાતીઓની કેન્દ્રીય સંસ્થા શ્રી દિલ્હી ગુજરાતી સમાજના પ્રમુખ કૌશિક પંડ્યાએ જણાવ્યું કે વર્ષો અગાઉ દિલ્હીમાં રાસગરબાની સાચી સમજણ આપીને એ પરંપરાને કેમ આગળ ધપાવવી એના માર્ગદર્શનમાં યોગસુંદર દેસાઈનો સિંહફાળો રહ્યો છે. ગુજરાતી સમાજે ૨૦૦માં એમનું ભવ્ય સન્માન કરેલ હતું. દિલ્હીના ગુજરાતી સામાજિક અગ્રણી જગદીપ રાણાએ જણાવ્યું કે દેશવિદેશના કાર્યક્રમોમાં બહુ વ્યસ્ત રહેતા હોવા છતાં યોગસુંદરભાઈ દિલ્હીના ગુજરાતીઓ સાથે હંમેશાં ઓતપ્રોત રહેતા હતા. દિલ્હીની ગુજરાતી કલાપ્રવૃત્તિઓ તેમના યોગદાનની સદા ઋણી રહેશે.

દિલ્હી ગુજરાતી બ્રહ્મસમાજના પ્રમુખ તુષાર ઉપાધ્યાય, ગુજરાતી સાંસ્કૃતિક કેન્દ્રના પ્રમુખ વિરાટ શાહ, નવી દિલ્હી ગુજરાતી ક્લબના પ્રમુખ મેહુલ કાપડિયા, દક્ષિણ દિલ્હી ગુજરાતી મંડળના મંત્રી રોહિત વોરા, આગેવાન વડીલ વિનોદ પટેલ, સાહિત્યકાર ડો. વર્ષા દાસ, કળાવિચારક મીતા સંઘવી વગેરે મહાનુભાવોએ યોગસુંદર દેસાઈ સાથેનાં પોતાનાં સંસ્મરણો સાથે આંતરરાષ્ટ્રીય ફલક પર કલાક્ષેત્રે યોગસુંદરની સેવાઓને બિરદાવી હતી. આગામી વર્ષે યોગસુંદર દેસાઈ શતાબ્દી વર્ષની ઉજવણી કરવાના પ્રસ્તાવ પણ કરાયા હતા.

પાછલા જૂન માસથી 'મારી ભાષા ગુજરાતી' વર્ચ્યુઅલ મિટિંગ માધ્યમ તરીકે બહુ સક્રિય અને લોકપ્રિય રહેલ છે. જેના સંયોજક અને નાટ્યકાર તેમ જ સાહિત્ય-કળા સંવર્ધક ભાગ્યેન્દ્ર પટેલે આ સ્મૃતિ સભાનું સંચાલન કર્યું હતું. યોગસુંદર દેસાઈનાં પુત્રી અને જાણીતાં કલાકાર પપીહા દેસાઈએ પિતાશ્રીને ભવ્ય સ્મરણાંજલિ બદલ સૌનો આભાર માન્યો હતો. બેંગ્લોરથી ચંદ્રિકા બહેન, અમદાવાદથી ઈન્દિરાબહેન, અમેરિકાથી સંભવ દેસાઈ અને દેસાઈ પરિવારના અન્ય સદસ્યો તેમ જ કૌટુંબિક સ્નેહીમિત્રોએ મોટી સંખ્યામાં આ સભામાં હાજરી આપી હતી.

# ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં વર્ચ્યુઅલ ક્રિસમસ કાર્નિવલની ભવ્ય ઉજવણી કરવામાં આવી




ગાંધીનગર, તા. ૨૪

બાળકોનો મનપસંદ તહેવાર એવા ક્રિસમસ કાર્નિવલમાં સૌપ્રથમ પ્રેયર ત્યારબાદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ફેકલ્ટીઝ દ્વારા ક્રિસમસ વિશે માહિતી આપવામાં આવી હતી. ક્રિસમસ કેમ ઉજવવામાં આવે છે અને કેરોલ, સાન્તાક્લોઝ, ક્રિસમસ ટ્રી વગેરે વિશે સમજૂતી આપ્યા બાદ ક્રિસમસની સ્ટોરી પણ બતાવવામાં આવી હતી. ત્યારબાદ ગેમ ઝોનમાં ધોરણ ૩ થી ૫ ના બાળકોને મેમરી ગેમ તથા ધોરણ ૬ થી ૮ ના બાળકો ને ટાઈ મી અને બલૂન ગેમ રમાડવામાં આવી હતી. ત્યારબાદ ક્રાફ્ટ ઝોનમાં ધોરણ ૩ થી ૫ ના બાળકો ને સ્નો મેન, સાન્તા કેપ તથા ધોરણ ૬ થી ૮ ના બાળકોને અવનવી રીતે ગિફ્ટ પેકિંગ કરતા શીખવામાં આવ્યું હતું. બાળકોએ ક્રિસમસ વિશે સ્પીચ આપી પોયમ પણ પ્રસ્તુત કરી હતી. ત્યારબાદના સેશનમાં સાન્તાક્લોઝ સાથે ડાન્સ કરી બાળકો ખૂબ જ આનંદ-ઉત્સાહમાં આવી ગયા હતા. આમ આ કોરોના મહામારીમાં પણ બાળકોએ ક્રિસમસ કાર્નિવલના ઓનલાઈન સેશનને મન ભરીને માણ્યું હતું અને દરેક પ્રવૃત્તિઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. દરેક વાલીઓના ખૂબ જ સહયોગથી અને બાળકોના ઉત્સાહથી આ કાર્યક્રમ ખૂબ જ સારી રીતે ઉજવાયો હતો.

## ૨૬ જાન્યુઆરીએ સેક્ટર-૧૪ ગાંધીનગરમાં દેશભક્તિ ગીત - કવિતા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

મહાત્મા ગાંધી મંદીર પાસે આવેલા સેક્ટર-૧૪ ગાંધીનગર માં ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા તથા જાગ્રુત વસાહત મંડળ ના સહયોગ થી તારીખ ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ સવારે ૯ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમમાં ધ્વજ વંદન પછી બાળકોનો રમત ગમત કાર્યક્રમ થશે અને ત્યાર બાદ ૧૦. ૩૦ વાગ્યે ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે દેશ ભક્તિ કવિ સંમેલન હિન્દી ગુજરાતી કવિ સંમેલન યોજાશે. આ કવિ સંમેલન માં ગાંધી નગર ના કવિઓ, ગાયક કલાકારો દેશ ભક્તિ ની કવિતાઓ અને ગીતો રજૂ કરશે. જેમાં નગર ના કવિ અને કલાકારો ને નિઃશુલ્ક જોડાવા માટે ની લિંક https://chat.whatsapp.com/KGQZB0xWaJl1v6wAT1nxso ગ્રુપમાં જોડાઈ આપ નું નામ કાર્યક્રમ માં ભાગ લેવા માટે નોંધાવી શકો છો. એમ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે. ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ બપોરે બે વાગ્યે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર દ્વારા હિન્દી ગુજરાતીમાં દેશ ભક્તિ કવિતા ઓ ઑન લાઈન પ્રસ્તુત કરવા કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માં ભાગ લઈ રચના પ્રસ્તુત કરનાર કવિઓને સમ્માનિત કરવામાં આવશે.

## જન્મદિને વધામણી



ગિરીશકુમાર ડી. આર્ય
મો. ૯૯૦૪૫ ૦૧૭૫૫




કેવલભાઈ પંડ્યા
મો. ૮૨૦૦૩ ૩૯૮૯૨



વિમલા ગોહિલ
મો. ૮૫૧૧૭ ૯૮૨૬૮



વંશિકા ભરતકુમાર શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



હેત્વી જિતેન્દ્રજી ઠાકોર



હાર્દ મિલનકુમાર કબીર
મો. ૯૯૭૮૪ ૦૮૧૬૬



પાર્થ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...